# વર્ષા ગીતો




સંકલન

શ્રી લાલજીભાઇ બી.પંચાલ

મ.શિક્ષક

શ્રી હાથીપુરા પ્રા. શાળા

તા- પાટડી જિ- સુરેન્દ્રનગર

મો.નં- 9427323046

Blog:-laljibhaipanchal.blogspot.in

# તારે મેહુલિયા...

તારે મેહુલિયા કરવા તોફાન
અમારા લોકોનાં જાય છે જાન ,

વરસ્યોને વરસ્યો મુશળધાર
કેમ કરી મારે જાવું નિશાળ?

અવળાને સવળા વાયરા વાય,
ઓઢેલી છત્રીનો કાગડો થાય.

ચંપલ મારી છબ-છબ થાય ,
પહેરેલાં કપડાં બગડી જાય..

કેળાંની છાલથી લપસી પડાય,
ત્યારે તો ભાઈ મને કાંઈ-કાંઈ થાય.

તારે મેહુલિયા કરવાં..

# મેહુલો

આવ રે મેહુલા ! આવ ,
મેહુલા અષાઢનાં રે !

ઘેરી ઘેરી વાદળી જળે ભરી રે !
વરસી ઝરમર જાય ;
મેહુલા અષાઢનાં રે !

ઝબકે ઝબઝબ વીજળી રે !
વાદળ ઘમઘમ થાય ;
મેહુલા અષાઢનાં રે !

ખેતર ખેડૂત વાવશે રે !
કપાસને કણ થાય ;
મેહુલા અષાઢનાં રે !

- ત્રિભુવન વ્યાસ.

# આવ્યો મેહુલો રે !

ઓતર ગાજ્યાંને દખ્ખણ વરસિયાં રે !
મેહુલે માડ્યાં મંડાણ ,
આવ્યો ધરતીનો ધણી મેહુલો રે !

નદી સરોવર છલી વળ્યાં રે
માછલી કરે હિલોળ..
આવ્યો ધરતીનો ધણી મેહુલો રે !

ખાડા-ખાબોચિયાં  છલી વળ્યાં રે
ડેડકડી દેયે આશિષ...
આવ્યો ધરતીનો ધણી મેહુલો રે !

ધોરીએ લીધાં ધુરી-ધોંસરાં રે
ખેડુંએ લીધી બેવડ રાશ..
આવ્યો ધરતીનો ધણી મેહુલો રે !

ગાયે લીધાં ગાનાં વાછરું રે
અસતરીએ લીધાં નાના બાળ..
આવ્યો ધરતીનો ધણી મેહુલો રે !

- લોકગીત

## મેવલિયો

તું તો વરસીને ભર રે તળાવ, મેવલિયા.
તારી કીડી-મકોડી તરસે મરે,
તારી ગાયોનાં ગોવાળ તરસે મરે.    તું તો...

આવો આવો ગંગાજીને નીર મેવલિયા,
આવો આવો જમનાજીને નીર મેવલિયા, તું તો...
હું કેમ વરસુ એકલો રે ?
વીજળી ગયા છે મોસાળ ;
વીજળીને તેડાં મોકલો રે !
વરસીને ભરુ રે તળાવ મેવલિયા. તું તો...

હું  કેમ આવું  એકલી રે ?
સાંકળે નૂંઝ્યા પાવ;
સાંકળો મેલો ઝૂલતી રે ,
વરસીને ભરુ રે તળાવ મેવલિયા. તું તો...

ઢૂંઢિયા બાપજી મે' વરસાવો ! સૂંડલે-સૂપડે મે' વરસાવો !
ઉત્તર ગાજ્યો ને દખ્ખણ વરસ્યો, વરસ્યો ચારે ખંડ વીજળી !

આંબલીને હેઠે તળાવ, સરવર હેલે ચડ્યાં રે !
કાનજી ના'વા ના જઇશ, દેડકો તાણી જશે રે !
દેડકાનો તાણ્યો કેમ જાઉં? માવડી ઝીલી લેશે રે !

- લોકગીત

# તેડાં

મોરલાનાં નોતરાં આવ્યાં ઓ મેઘરાજ ! વર્ષાને મોકલો !

આઠ-આઠ માસ રહી આભનાં પિયરમાં
સાસરિયાં સામું નથી જોયું; ઓ મેઘરાજ ! વર્ષાને મોકલો !

હોંશભરી વાદળીઓ  હીંચતી હુલાસમાં ;
ઘૂમે છે વીજ વ્હાલસોયું; ઓ મેઘરાજ ! વર્ષાને મોકલો !

વનની વનરાઇ ઓલા વાદળિયા દેશમાં
નજરૂ નાખે ને કોઇ જોતી; ઓ મેઘરાજ ! વર્ષાને મોકલો !

ઝરણાંએ ગીત ખોયાં ડુંગરની કન્દરે
થાકી એને હું ગોતી ગોતી... ઓ મેઘરાજ ! વર્ષાને મોકલો !

વાયુને હૈયે સૂર હલકે મલ્હારનાં
ઘન-ઘન પથરાય વીજ જ્યોતિ ઓ મેઘરાજ ! વર્ષાને મોકલો !

સાગરની વાટ એને વ્હાલથી વળાવજો
જગવગડે વેરશે એ મોતી ઓ મેઘરાજ ! વર્ષાને મોકલો !
ધરણીનાં નોતરાં આવ્યાં, ઓ મેઘરાજ ! વર્ષાને મોકલો !

- વેણીભાઇ પુરોહિત

## ચાલોને ! રમીએ હોડી હોડી ,

ચાલોને ! રમીએ હોડી હોડી ,
વરસ્યો વરસાદ ભાઇ ખૂબ મુશળધાર
ઝરણાં નાનાં જાય દોડી દોડી...... ચાલોને ! રમીએ હોડી હોડી

બાપુનાં છાપાં નક્કામાં થોથા
કાપીકૂપીને કરીએ હોડી... ચાલોને ! રમીએ હોડી હોડી

સાદી સઢવાળી તારી તે હોડી
મૂકીએ પવનમાં છોડી છોડી.... ચાલોને ! રમીએ હોડી હોડી

ખાલી રાખેલી ઊંધી વળે તો
પાંદડાને ફૂલ ભરી તોડી તોડી.... ચાલોને ! રમીએ હોડી હોડી

જાશે દરિયાપાર મારી રે હોડી
સૌથી પહેલી દોસ્ત મારી હોડી..... ચાલોને ! રમીએ હોડી હોડી

## પેલાં વાદળમાં ......

પેલાં વાદળમાં ચોક તો વિશાળ છે ,
એમાં સોહામણી સુંદર નિશાળ છે .
મારું તો મન ત્યાં ભમે .. મને એવી નિશાળ ગમે .....

ઊંચા વાદળમાં ઊંચા ચકડોળે
સાત સાત રંગનાં બાંધ્યા છે હીંચકા ,
નાચે-કૂદે ને સૌ રમે ....મને એવી નિશાળ ગમે ....

નાનાં-નાનાં તારલાં બાંધ્યા છે હીચકા ,
દૂધમલ મુખડા મલમલ મલકાવે ,
પેલી ઘનઘોર ઘટાઓ ગમે .....મને એવી નિશાળ ગમે .....

ચાંદામામા તો પાઠ ભણાવે ,
વાદળ –વાયું મીઠા ગીતો સંભળાવે ,
પરીઓના ગાન ત્યાં શમે... મને એવી નિશાળ ગમે .......

પેલા વાદળમાં ચોક .....